# પાલનપુર નગરપાલિકા પાસે સ્ટ્રીટ લાઈટો ખુટી પડી

## ૧૦૦૦ હજાર સ્ટ્રીટ લાઇટોની જરૂરીયાત સામે એક પણ નથી પડી : સ્ટ્રીટ લાઇટો મંગાવવા માટેની પ્રક્રીયા હાથ ધરાઇ

**૧૮ થી ૨૦ વોલ્ટની સ્ટ્રીટ લાઇટો નાખવામાં આવે છે**

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં રોશની કરવા માટે ૧૮ થી ૨૦ વોલ્ટના બલ્બની એલઇડી સ્ટ્રીટ લાઇટો નાખવામાં આવે છે.જેથી લોકોને રાત્રી દરમીયાન પુરતા પ્રમાણમાં પ્રકાશ મળી રહે છે.

પાલનપુર

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં ૧૫ હજાર ઉપરાંતની સ્ટ્રીટ લાઇટો નાંખી રોશની કરવામાં આવી છે.તેમ છતા હજુ ૧૦૦૦ ઉપરાંતની એલઇડી સ્ટ્રીટ લાઇટોની જરૂરીયાત સામે પાલીકા પાસે એક પણ સ્ટ્રીટ લાઇટ હાજર ન હોવાથી લોકોની ફરીયાદોને વાચા આપવામાં પાલિકા નિષ્ફળ નિવડી રહી છે.જેથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાલનપુર નગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડમાં પાલિકા દ્વારા ૧૫ હજાર ઉપરાંતની એલઇડી સ્ટ્રીટ લાઇટો નાંખી રોશની પૂરી પાડવામાં આવી રહી છે.તેમ છતા રોજેરોજ પાલિકા વિસ્તારોમાં નવિન સોસાયટીઓ નિર્માણ પામી રહી છે. તેમજ કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઇટો બંધ હાલતમાં પડી છે.

જેની રહીશો દ્વારા પાલીકામાં કંમ્પલેન કરવામાં આવે છે.અને અંદાજીત ૧૦૦૦ ઉપરાંતની સ્ટ્રીટ લાઇટોની જરૂરીયા છે.તેની સામે પાલિકા પાસે એક પણ સ્ટ્રીટ લાઇટ હાજર ન હોવાથી લોકોની ફરીયાદોને વાચા આપવામાં પાલિકા નિષ્ફળ નિવડી રહી છે.જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

તો પાલિકા દ્વારા સત્વરે શહેરમાં સ્ટ્રીટ લાઇટોની જરૂરીયાત પુરી પાડવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

**વેરો ભરવા છતા અમારા વિસ્તારમાં લાઇટોની સુવિધા નથીઃ લાલજીભાઇ પટેલ (ગઠામણ પાટીયા, પાલનપુર)**

ગઠામણ પાટીયા વિસ્તારના વેપારીઓ દ્વારા નગરપાલિકાનો વેરો ભરવા છતા પાલિકા દ્વારા સ્ટ્રીટ લાઇટ સહીત પ્રાથમીક સુવિધાઓ આપવામાં નિષ્ફળ નિવડી રહી છે.

# રાજયમાં પણ કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી : ડૉ. એમ. ડી. ઝાલા

## રાજ્યમાં કોરોના વાયરસ ગરમીથી ભાગશે

ગાંધીનગર, તા. ૭

ચીન અને દુનિયાભરના ૮૬ દેશમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો ભય હવે ભારતમાં પણ ફેલાયો છે. ભારતના વિવિધ રાજયમાં પણ કોરોના વાયરસના દર્દીઓ છુટાછવાયા જોવા મળ્યા છે. કોરોના વાયરસને લઈ કરોડો વિદ્યાર્થીઓ સ્કુલે જઈ શકતા નથી. કોરોના વાયરસ અન્ય દેશોમાં પણ ફેલાતા સ્થિતિ ગંભીર બનતી જાય છે. ત્યારે ગુજરાત રાજયમાં પણ કોરોના વાયરસનો ભય પ્રજાજનોમાં જોવા મળી રહ્યો છે. કોરનાનું નામ પડતા જ નાગરીકો ધ્રુજી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસથી સમાજમાં એક પ્રકારનો ભય ઉભો થયો છે. ત્યારે નાગરીકોને ગભરાવવાની જરુર નથી, પરંતુ સાવચેતીના પગલા લઈને તેને અટકાવી શકાય છે તેમ ગાંધીનગર નજીક આવેલા ચિલોડા સ્થિત ક્રિષ્ના હોસ્પિટલના સંચાલક ડો.મહેશ ઝાલાએ જણાવ્યું છે.

કોરોના વાયરસને લઈને ડો.મહેશ ઝાલાએ વધુ કહ્યું હતું કે આ એક સાર્સ પ્રકારનો વાયરસ છે. જે શ્વસન તંત્ર પર અસર કરે છે. જેને પગલે અસ્થમા, ડાયાબિટીસ, હૃદયરોગ, હાઈ બ્લડપ્રેશર સહિતના દર્દીઓને આ વાયરસ ઝડપી પોતાનો શિકાર બનાવે છે. કોરોના વાયરસ સી-ફુડ અને એનીમલ પ્રોડકટની ચીજવસ્તુઓ આરોગવાથી થઈ શકે છે. જયારે કોરોના વાયરસને લઈ ચીનમાં મૃત્યુંઆંક વિશેષ છે. જયારે અન્ય દેશમાં મૃત્યુઆંક ઓછો જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસમાં ૬૦ વર્ષથી નીચેની વયના વ્યકિત ઝડપી રીકવર થઈ જાય છે. કારણ કે તેમનામાં રોગપ્રતિકારક શકિત વધુ હોય છે. ખાસ કરીને બિન આરોગ્યપ્રદ સિઝનમાં આ પ્રકારના વાયરસ ફેલાતા હોય છે. જયારે ગરમીની સિઝનમાં શરુ થતા જ તમામ વાયરસ વિદાય લઈ લેતા હોય છે.

કોરોના વાયરસમાં સાવચેતીના પગલા તરીકે સાબુથી હાથ ધોવા, બિનજરુરી મોંઢા પર હાથ ન લગાવવો, ૬૦ ટકા આલ્કોહોલવાળુ સેનીટાઈઝર વાપરવું, મોં પર માસ્કનો ઉપયોગ કરવો, બિન જરુરી પ્રવાસ ટાળવો, પબ્લીક પેલેસવાળી જાહેર જગ્યામાં ન જવું, નાગરીકો સાથે હાથ ન મિલાવવો, શરદી-ખાંસી તાવ હોય તો ઘરની બહાર ન નીકળવું, જરુર જણાય તો તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર લેવી અને સ્વસ્થ ના થાય ત્યાં સુધી સારવાર હેઠળ રહેવું, કોલ્ડ્રીંકસ અને આઈસ્ક્રીમનો ઉપયોગ ટાળવો, ઘરની બનાવટની ગરમવસ્તુઓ આરોગવી. ગુજરાત રાજયના આરોગ્ય વિભાગે પણ કોરોના વાયરસને લઈ તકેદારીના પગલા ભરવાના શરુ કર્યા છે. ત્યારે કોરોના વાયરસને લઈ આરોગ્ય તંત્ર પણ સજ્જ થઈ ગયું છે. જયારે કોરોના અંગે અન્ય નાગરીકોને પણ જરુરી માહિતિ પુરી પાડવામાં આવે છે.

**રાજેન્દ્રનગર ચોકડી નજીકથી રૂરલ પોલીસે**

# ૧.૪૯ લાખના પોસડોડા ભરેલી પીકઅપ ડાલુ ઝડપ્યું

ગુજરાતમાં પણ નશીલા દ્રવ્યનો વેપાર ફૂલીફાલી રહ્યો છે. પોષડોડા એ નારકોટીક્સ પદાર્થ છે તેનો ઉપયોગ નશીલુ દ્રવ્ય બનાવવા થાય છે. જેના પર નશાબંધી વિભાગે પ્રતિબંધ લગાવેલો છે. મોડાસા રૂરલ પોલીસે શામળાજી-હિંમતનગર રોડ પર રાજેન્દ્રનગર ચોકડી નજીકથી પીકઅપ ડાલામાં ઘઉંના ભૂંસાની આડમાં સંતાડેલ ૧.૪૯ લાખથી વધુનો પોષડોડાનો જથ્થો ઝડપી મહારાષ્ટ્રના હુકુમ અમરસીંગ ચારણ નામના શખ્સની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પીકઅપ ડાલામાંથી બે અલગ-અલગ નંબરપ્લેટ પણ મળી આવી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.ડીવાયએસપી ઈશ્વર પરમાર અને દિલીપસિંહ, શનાભાઈ, જયરાજસિંહ પોલીસકર્મીઓ સાથે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીકથી રાજસ્થાન તરફથી આવતા વાહનોની વોચ ગોઠવી ચેકીંગ હાથ ધરતાં પુરપાટ ઝડપે પસાર થતા પીકઅપ ડાલાને અટકાવી તલાસી લેતા ડાલામાંથી ઘઉંના ભૂસાના કોથળાની આડમાં સંતાડેલ પ્લાસ્ટિકના થેલાઓમાં લઈ જવાતો પોષડોડાનો ૨૪૯.૩૦૦ કિલો જથ્થો કીં. રૂ. ૧૪૯૫૮૦નો જપ્ત કરી હુકુમ અમરસીંગ ચારણ (રહે.સાંગવી, ધુલે-મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી મોબાઈલ નંગ-૨, રોકડ રકમ તથા પીકપડાલુ મળી કુલ રૂ. ૨૭૫૩૮૦નો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલાની સીટ નીચેથી બે પરપ્રાંતીય નંબરપ્લેટ મળી આવતા પોષડોડાનો જથ્થો ઘુસાડવા અલગ-અલગ નંબરપ્લેટનો ઉપયોગ કરતો હોવાની પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. મોડાસા રૂરલ પોલીસે હુકુમ અમરસીંગ ચારણ (રહે. સાંગવી, ધુલે-મહારાષ્ટ્ર) વિરુદ્ધ નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ જિલ્લા એસઓજી ટીમને સુપ્રત કરી હતી.

# આજે ગાંધીનગર આવતા લેફ. ગવર્નર જી.સી. મુર્મુ

ગાંધીનગર, તા. ૭

જમ્મુ-કાશ્મીરના વિભાજન પછી લેફ્ટન્ટન ગવર્નર તરીકે નિમાયેલ ગુજરાત કેડરના નિવૃત્ત સનદી અધિકારી જી.સી. મુર્મુ આજે ગાંધીનગર આવી રહ્યા છે. શ્રી મુર્મુની ગાંધીનગરની એક દિવસની મુલાકાત પણ ભરચક કાર્યક્રમથી વ્યસ્ત છે. સનદી અધિકારીઓમાં પણ ભારે ઉત્સાહ તેમની આ મુલાકાતને લઈ જોવા મળી રહ્યો છે.

# ધાનેરા તાલુકા પંચાયતની મિટિંગમાં શ્રીમતી પ્રમુખની જગ્યા પર શ્રીમાન બિરાજમાન થાય છે

## તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ફક્ત નામના જ છે અને વહીવટ બધો શ્રીમાન કરે છે આ તે કેવો કાયદો?

ધાનેરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે શ્રીમતી દક્ષાબેન છે પરંતુ આજદિન સુધી ઓફિસમાં તેમજ મીટીંગોમાં સંબોધન કરવામાં પણ તેમજ સર્વ વહીવટ માટે આ શ્રીમતી નાં પતિ શ્રીમાન કરી રહ્યા છે અને ફોટા પડાવી રોફ જમાવી રહ્યા છે જે ખુલ્લેઆમ દેખાઈ રહ્યું છે દેશમાં મહિલાઓની જાગૃત કરી દરેક પ્રકારે દેશના અને વિકાસના કાર્ય કરવા માટે સત્તા આપવામાં આવે છે કેમ કે મહિલાઓ વહીવટી કાર્ય સુંદર અને સારી રીતે કરી શકે તે માટે કાયદાઓ દ્વારા લાભ અપાય છે પરંતુ આવા પતિદેવો મહિલાઓને ફક્ત સહી કરવા માટે બોલાવે છે અને કદાચ તેમના નામની ડુપ્લીકેટ સહી કરવામાં આવતી હશે કે નહીં ? તે પણ શંકાનો વિષય બને છે આમ અનેક વખત શ્રીમાન સત્તાની ખુરશી પર બેસીને રોફ જમાવી રહ્યા છે આ બધું જોઇને દરેક ગામના મહિલા સરપંચ ના પતિદેવો પણ આ પ્રમુખશ્રી ના પતિદેવો ની માફક કાર્ય કરે તેમાં કોઈ નવાઈ નથી આ વિશે પતિદેવના સમાચારો અનેક વખત અખબારો માં પ્રસિદ્ધ થયાં છે પરંતુ કોઈ પણ અધિકારી ઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી શું આ બાબતે ટી.ડી.યો. ડી.ડી.ઓ .અને કલેકટર સાહેબ ને આ વાત ધ્યાનમાં નહીં હોય? તો આવા શ્રીમાનો કાયદો હાથમાં લઈ મનસ્વી વર્તન કરનારા શ્રીમતી ના પતિ શ્રીમાન ઉપર કાર્યવાહી કરવામાં કેમ આવતી નથી જે લોક મુખે ચર્ચાઇ રહ્યું છે.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા નગરમાં ચાલતા ઠેરઠેર ચાલતાં વિકાસના કામોમાં બેદરકારી દાખવાઈ રહેવાની વ્યાપક બૂમ ઉઠી છે. નગરના માલપુર મેઘરજ માગ રોડ સાઇડે બનાવાયેલ ફૂટપાથોમા મોટી ગેરરીતિ આચરાઇ હોવાનું લોકોમા ચર્ચાય છે. આ ઉપરાંત નગરપાલિકા તંત્રના વારીગૃહવિભાગ દ્વારા અપાતા પાણીના પુરવઠામા નગરમાં અનિયમિતતા અને ઓછો સમય અપાતો હોવાની વ્યાપક બૂમ છે. નગરપાલિકા હસ્તકના માલપુર માર્ગ પર આવેલા ઓધારી ટેકરી નીચેના પાણીના સમ્પમાથી હજારો લીટર પાણી ઉભરાઈને છેલ્લા કેટલાક દિવસોથી રોડ પર વહી ગટરમાં વેડફાઈ જાય છે પરંતુ બેદરકાર તંત્ર દ્વારા તેની દરકાર લેવાતી નથી એક તરફ લોકોને પાણી પુરવઠો ઓછો અપાય છે બીજી તરફ આળસુ તંત્રના કારણે હજારો લીટર પાણીનો વ્યય થતો હોય નગરપાલિકા તંત્ર પર લોકો ફિટકાર વર્ષાવી રહ્યા છે.

# અરવલ્લી એલસીબી પોલીસની શામળાજી પોલીસને લપડાક

## કારછા ગામ નજીક ફર્નિચરની આડમાં ઘુસાડાતો ૬.૧૨ લાખનો દારૂ ઝડપ્યો

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ-બિયર ગુજરાતમાં ઠાલવામાં આવી રહ્યો છે. રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ રાજ્યની તમામ આંતરરાજ્ય અને આંતરિક ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય પછી બુટલેગરો માટે સિલ્ક રૂટ ગણાતા અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક આવેલા કારછા નજીકથી અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે શામળાજી પોલીસને ઉંઘતી રાખી આઈસર ટ્રકમાંથી ફર્નિચરની આડમાં સંતાડેલો ૬.૧૨ લાખનો વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચેકપોસ્ટ બંધ થયા પછી સૌપ્રથમ વાર જીલ્લા એલસીબી પોલીસે મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળ રહેતા બુટલેગરો ચિંતાની લકીરો તણાઈ છે. અરવલ્લી એલસીબી પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે શામળાજી નજીક આવેલા કારછા ગામ નજીક ને.હા.નં-૮ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતા ફર્નિચર ભરેલ આઈસર ટ્રક (નં-આરજે-૧૪-જીજે-૭૪૨૩)ને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી ફર્નિચરની આડમાં સંતાડીને રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૧૨૨૪ કીં. રૂ. ૬૧૨૦૦૦નો જથ્થો ઝડપી પાડી તારીફ અબ્દુલગની મુસલમાન (રહે. ગોલપુરી, હરિયાણા)ને ઝડપી પાડી આઈશર ટ્રક, ફર્નિચર અને મોબાઈલ મળી કુલ રૂ.૧૧૨ ૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આયશર ટ્રકના ડ્રાઈવર અને વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર સોમવીર (મહેન્દ્રગઢ હરિયાણા) નામના બુટલેગર સામે શામળાજી પો.સ્ટેમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ શામળાજી પોલીસને સોંપી હતી.

### રઝળપાટ ● ચોથા પાનાનું ચાલુ

એક તરફ એકલપંડે કે પછી ઘણા કિસ્સાઓમાં કુટુંબના કે બહારના પુરુષોના સહયોગથી ઉન્નતી કરતી મહિલાઓના દાખલારૂપ કિસ્સાઓની સામે હજુ પણ અસમાનતા, અસુરક્ષિતતા અને અવમાનનાનો ભોગ બનતી સ્ત્રીઓ-મહિલાઓ-બાળકીઓની સંખ્યા પણ વિશેષ છે જ.!! આ ત્રણેયમાં જ્યારે ઘટાડો નોંધાશે અને પુરુષકેન્દ્રીય સમાજ અને નારીકેન્દ્રીય સમાજનું પલડું બરાબર થશે ત્યારે રોજ્જે રોજ ‘ હેપ્પી વુમન્સ ડે ‘ ઉજવાશે...!!!

વિસામો :

૨૦૧૮ થી કચ્છના કુકમા ગામમાં રસ્તાઓના નામ ગામની વધુ ભણેલી દીકરીઓના નામ પર રખાય છે અને છેલ્લા દોઢ વર્ષમાં ૧૬ જેટલા ગામના રસ્તાઓ હેમાની માર્ગ, શિવાની માર્ગ, ભૂમિ માર્ગ વગેરે જેવા તેજસ્વીનીઓના નામે ઓળખાતા થઈ ગયા છે.

### લેન્ધી અને અઘરુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અઘરુ અને લેન્ધી પુરવાર થયુ હતુ.જિલ્લામાંથી ૨૮૮૨૪ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનની પરીક્ષા આપી હતી. જયારે ૫૮૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. જયારે જિલ્લામાં હજુ સુધી કોઈ કોપી કેસ નોંધાયો ન હતો. ધો-૧૦માં આજે વિજ્ઞાનના મહત્વના વિષયની પરીક્ષા પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

**ડીસામાં ત્રણ માસથી ગુમ યુવકની ભાળ ન મળતા પરિવારજનો વ્યથિત**

ડીસા શહેરમાં ત્રણ માસથી ગુમ થયેલ યુવકની ભાળ ન મળતા પરિવારજનો વ્યથિત બન્યા છે ખાનગી નોકરી કરતો યુવક પરત નહિ ફરતા પરિવારજનો દ્વારા પોલીસને લેખિત અરજી પણ આપવામાં આવી હતી જો કે અરજી કર્યાને પણ ત્રણ માસનો સમય વીતી જવા છતાં પણ પોતાના વહાલસોયાની ભાળ ન મળતા પરિવારમાં ભારે નિરાશા વ્યાપી છે. ડીસાના ભોપાનગર ખાતે રહેતો દિપક ઠાકોર નામનો યુવક ઘરેથી નોકરી ઉપર જવાનું કહી નીકળ્યો હતો પરંતુ પરત ન ફરતા પરિવારજનો દ્વારા ભારે શોધખોળઆદરી હતી પરંતુ તેમને નિરાશા સાંપડી હતી. જેથી આ મામલે તેમણે દક્ષિણ પોલીસ મથકે ત્રણ માસ આગાઉ ગુમ થયાની જાણવા જોગ નોંધ દાખલ કરાવી હતી તેમ છતાં આજદિન સુધી તેનો પતો ન મળતા પરિવારજનોમાં ભારે નિરાશા છવાઈ છે.

### કરોડ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦૦ દિવસ પૂર્ણ થવાના અવસર પર મુંબઈથી પરિવાર સાથે અયોધ્યા પહોંચેલા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, તેઓ અહીં રામલલાના આશીર્વાદ લેવા માટે પહોંચ્યા છે. આજે અહીં પરિવાર સાથે અનેક સભ્યો પહોંચ્યા છે. છેલ્લા દોઢ વર્ષના ગાળા દરમિયાન તેઓ ત્રીજી વખત અયોધ્યા પહોંચ્યા છે. અહીં દર્શન અને પુજા કરીને તેઓ ગર્વ અનુભવ કરી રહ્યા છે. ઉદ્ધવે જાહેરાત કરી હતી કે, એક કરોડનું દાન રાજ્ય સરકાર તરફથી નહીં બલ્કે તેમના ટ્રસ્ટમાંથી આપવામાં આવી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપનો મતલબ હિન્દુત્વ નથી. હિન્દુત્વ અલગ બાબત છે. ભાજપ અલગ બાબત છે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ ભાજપ સાથે છેડો ફાડી ચુક્ય છે પરંતુ હિન્દુત્વ સાથે છેડો ફાડી રહ્યા નથી. ૨૮મી નવેમ્બરના દિવસે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને એનસીપી સાથે મળીને મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. મુખ્યમંત્રી બન્યા બાદ આ તેમની પ્રથમ અયોધ્યા યાત્રા હતી. ખાસ વિમાનથી પરિવાર સાથે લખનૌ વિમાની મથકે પહોંચેલા ઠાકરે ત્યારબાદ માર્ગ મારફતે અયોધ્યા પહોંચ્યા હતા. રામલલાના દર્શન બદ ઠાકરે પરિવર પરત મુંબઈ માટે રવાના થઇ ગયો હતો. અયોધ્યામાં ઉદ્ધવ ઠાકરે સરયુ નદીની આરતી કાર્યક્રમમાં પણ જોડાનાર હતા પરંતુ કોરોના વાયરસને લઈને કેન્દ્રીય ગૃહમંત્રાલય તથા આરોગ્ય મંત્રલાય તરફથી એડવાઈઝરી જરી કરવમાં આવ્યા બાદ આ કાર્યક્રમને રદ કરી દેવામાં આવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેના મહારાષ્ટ્રમાં વ્યસ્ત કાર્યક્રમ હોવા છતાં અયોધ્યા પહોંચ્યા હતા. અયોધ્યામાં ભવ્ય મંદિર નિર્માણની વાત કરી હતી. જો કે, ભારતીય જનતા પાર્ટી ઉપર પ્રહારો કરવાની તક જવા દીધી ન હતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેના સાથે મળીને ચૂંટણી મેદાનમાં ઉતર્યા હત ।પરંતુ બહુમતિ મળ્યા પછી શિવસેનાએ મુખ્યમંત્રી પદને લઈને જિદ્દી વલણ અપનાવી ભાજપ સાથે છેડો ફાડ્યો હતો.

### બેઠક યોજાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ ૪૫ વેન્ટીલેટરની વ્યવસ્થા ઉપલબ્ધ છે. જિલ્લાના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રને પણ તેમની હોસ્પિટલમાં હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. તેમજ તાવ, શરદી અને શ્વાસ લેવામાં તકલીફ પડતા દર્દીઓને નજીકના દવાખાનામાંથી દવા લેવા અંગેની જાગૃતિ આપવામાં આવી રહી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. યોગીતા તુલસીએન, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરત વાઢેર સહિત કલોલ, માણસા, દહેગામ, પેથાપુર નગરપાલિકાના અધિકારીઓ અને આરોગ્યના કર્મયોગીઓ અને ડૉકટરો ઉપસ્થિત રહ્યાં હતાં.

### બેંકની વ્હારે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજના જોયા બાદ અન્ય સક્ષમ રોકાણકારોએ પણ અમારો સંપર્ક કર્યો છે. યસ બેંકના શેરધારકોના હિત સાથે બિલકુલ સમાધાન નહીં કરવામાં આવે. પ્રવર્તમાન સમયે બેંકના ખાતાધારકોને મહિને ફક્ત રૂ. ૫૦ હજાર ઉપાડવાની છૂટ આપવામાં આવી છે. આરબીઆઈ દ્વારા મોરેટોરિયમ પીરિયડ લાગુ કરાયો હોવાથી ખાતાધારકો માટે આ સમસ્યા કામચલાઉ છે તેમ એસબીઆઈ ચેરમેને જણાવ્યું હતું. નાણાં ઉપાડવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા છે તેને લઈને તેમણે કહ્યું કે આનાથી લોકોને મુશ્કેલી જરૂર પડે છે પરંતુ કોઈએ ગભરાવાની જરૂર નથી.

યસ બેંક સંકટ પર કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે યસ બેંકના ગ્રાહકોને વિશ્વાસ આપ્યો હતો. તેમણે કહ્યું કે, અમે ખાતાધારકોના પૈસા ડૂબવા નહી દઈએ. ગ્રાહકોના પૈસા સુરક્ષિત છે. ગ્રાહકોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. રિઝર્વ બેંકના અધિકારીઓ સમાધાન કાઢવા માટે મહેનત કરી રહ્યા છીએ. આરબીઆઈએ પ્રાઈવેટ ક્ષેત્રની યસ બેંક પર એક મહિનાની અંદર ૫૦ હજાર રૂપિયા ઉપાડવાની લિમિટ લગાવતા તેના ગ્રાહકોમાં દોડધામ મચી ગઈ હતી.

### ૩ પોઝિટિવ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસના કેસોમાં વધારો થતાં નવા નવા પગલા જાહેર થઈ રહ્યા છે. દિલ્હી અને જમ્મુ કાશ્મીરમાં પ્રાથમિક શાળાઓ ૩૧મી માર્ચ સુધી બંધ કરી દેવામાં આવી છે. ગુડગાંવમાં પેટીએમના એક કર્મચારીને કોરોનાની અસર દેખાયા બાદ કર્મચારીઓને ઘરેથી કામ કરવા કહેવામાં આવ્યું છે. ભારતમાં સૌથી પહેલા કેરળમાં પોઝિટિવ કેસો આવ્યા હતા. આગરામાં છ દર્દી આવી ચુક્યા છે. અમૃતસરમાં બે પોઝિટિવ કેસ આવી ચુક્યા છે. વાયરસને રોકવા માટે તંત્ર દ્વારા સાવચેતીના વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. કોરોના વાયરસને કાબુમાં લેવા માટે ભારતમા પણ તપાસ જારી છે. ભારતમાં કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા ૩૪ ઉપર પહોંચી ગઈ છે. આ ઉપરાંત કેટલાક કેસોના રિપોર્ટ હજુ આવ્યા નથી. ભારતમાં ૧૬ ઈટાલિયન સહિત ૩૪ પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા છે. હવે તમામ ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને યાત્રીઓની સ્ક્રિનિંગ ફરજિયાત કરી દેવામાં આવી છે. હજુ સુધી માત્ર ૧૨ દેશોના નાગરિકોની સ્ક્રિનિંગ ફરજિયાત રાખવામાં આવી રહી હતી. કોરોના વાયરસના નવા મામલા સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા એડવાઈઝરી જારી કરીને ઈટાલી, ઈરાન, દક્ષિણ કોરિયા, જાપાનના એવા નાગરિકોને જારી નિયમિત વિઝા અથવા તો ઈ વિઝા સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.